ગુજરાત રાજ્ય ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી, ગાંધીનગર સંચાલિત શાળાઓ માટે જિલ્લા સ્તરીય સમિતિની રચના કરવા બાબત (સુધારા ઠરાવ).

ગુજરાત સરકાર
**આદિજાતિ વિકાસ વિભાગ,**
ઠરાવ ક્રમાંક: EMRS-102020-708-P,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૨/૦૮/૨૦૨૨

**વંચાણે લીધા:**

(૧) ભારત સરકારશ્રીના તા. ૨૦/૦૮/૨૦૨૦ના પત્ર ક્રમાંક: ૧૮૦૧૫/૦૬/૨૦૨૦-ઇ.એમ.આર.એસ.

(૨) ભારત સરકારશ્રીના આદિજાતિ બાબતોના મંત્રાલયના તા.૨૧/૦૨/૨૦૨૦ના પત્ર ક્રમાંક: ૧૮૦૧૫/૦૬/૨૦૨૦-ઇ.એમ.આર.એસ.

(૩) ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટીના તા.૨૪/૦૬/૨૦૨૦ના પત્ર ક્રમાંક:ટીડી /ઇએમઆરએસ/૧૦૨૦/૩૨૪૬/૫૭૩૮

(૪) ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટીના તા.૦૫/૦૩/૨૦૨૨ના પત્ર ક્રમાંક:ટીડી ઇએમઆરએસ/૨૦૨૦/૩૨૪૬/૭૯૯૧

(૫) આદિજાતિ વિકાસ વિભાગના તા: ૦૮/૦૩/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક: EMRS-102020-780/P

**પ્રસ્તાવના :**

ઉક્ત સંદર્ભ પત્ર(૧) અને (૨)થી, ભારત સરકાર પુરસ્કૃત એકવ્ય મોડેલ રેસીડેન્શીયલ સ્કૂલ (ઇ. એમ.આર.એસ) પ્રોગ્રામમાં ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૮માં ફેરફાર કરવામાં આવેલ. જે અંતર્ગત એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કુલ (EMRS), એકલવ્ય મોડેલ ડે બોર્ડીંગ સ્કુલ(EMDBS) તથા સેન્ટર ઓફ એક્સલેન્સ ફોર સ્પોર્ટસના(CoE) સુપરવિઝન માટે રાજ્ય સરકાર દ્વારા જિલ્લા કક્ષાએ જિલ્લા સ્તરીય સમિતિની રચના સંદર્ભ(૫) ના ઠરાવથી કરવામાં આવેલ છે.

સુધારા ઠરાવ :

એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કુલ (EMRS), એકલવ્ય મોડેલ ડે બોર્ડીંગ સ્કુલ(EMDBS) તથા સેન્ટર ઓફ એક્સલેન્સ ફોર સ્પોર્ટસની(CoE) કામગીરી પર દેખરેખ રાખવા અને શાળાના અસરકારક કામગીરીમાં જરૂરી સહાય પ્રદાન કરવા માટે District Level Eklavya Schools Committee (DLC) નું પુન: ગઠન કરવાની બાબત સરકારશ્રીના વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે ઉક્ત શાળાઓના સપરવિઝન માટે નીચે મુજબની, જિલ્લા સ્તરીય સમિતિ(DLC)ની આથી પુન:ગઠન કરવામાં આવે છે. સમિતિના સભ્યો નીચે જણાવ્યા મુજબના રહેશે.

**સમિતિના સભ્યો**

૧. જિલ્લા કલેક્ટરશ્રી- ચેરમેન
૨. પ્રાયોજના વહીવટદારશ્રી, સંકલિત આદિજાતિ વિકાસ કાર્યક્રમ- સભ્ય સચિવ
૩. જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી- સભ્ય
૪. જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી- સભ્ય
૫. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી- સભ્ય
૬. જિલ્લા કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ- સભ્ય
૭. જિલ્લાના બે (૨) અગ્રણી શિક્ષણવિદ- સભ્ય
૮. જિલ્લા કોચ, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત- સભ્ય
૯. જે શાળાનું રીવ્યુ કરવામાં આવનાર હોય તે શાળાઓના આચાર્યશ્રીઓ- સભ્ય
૧૦. ટેકનીકલ એક્ષપર્ટ- આમંત્રીત (જરૂર જણાય ત્યારે)

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા. ૩૧/૦૭/૨૦૨૨ની મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી. એમ. પટેલ)
ઉપ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

નકલ રવાના :

1) માન, રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
2) માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
3) માન. મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

4) માન. રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
5) સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
6) સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
7) નાણા સલાહકારશ્રી(આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
8) નિયામકશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
9) કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજયુકેશન સોસાયટી, બિરસા મુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
10) પ્રાયોજના વહીવટદારશ્રી, સંકલિત આદિજાતિ વિકાસ કાર્યક્રમ, તમામ આદિજાતિ જિલ્લા
11) સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ.
12) સિલેક્ટ ફાઇલ